ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળઃ ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 74 ■ અંક : 14 ■ તારીખ : 20, ઓક્ટોબર, 2026 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### ભારત સહિત સમગ્ર વિશ્વમાં વધતા સાયબર ક્રાઈમ, ડીપફેક્સ અંગે ચેતવણી આપતાં શ્રી નરેન્દ્રભાઈ મોદી

## સાયબર ફ્રોડથી લોકોને નુકસાન પહોંચે તે પહેલાં જ તેને અટકાવવું જોઈએ : શ્રી નરેન્દ્રભાઈ મોદી

નવી દિલ્હી : સાયબર ફ્રોડ્સ, સાયબર ક્રાઈમ તથા ડીપફેક્સના જોખમો લોકો સુધી પહોંચી તેમને નુકસાન પહોંચાડે તે પહેલાં જ તેને અટકાવવા માટે સરકાર, ટેક્નોલોજી કંપનીઓ, ટેલિકોમ ઓપરેટર્સ તથા નાણાકીય સંસ્થાઓએ સાથે મળીને એક મજબૂત વૈશ્વિક તંત્ર બનાવવું જોઈએ તેમ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું. ભારત સહિત સમગ્ર વિશ્વમાં ડિજિટલ ક્રાઈમમાં સતત ચિંતાજનક હદે થઈ રહેલાં વધારા અંગે ગંભીર ચેતવણી ઉચ્ચારતાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સાયબર ફ્રોડ પર નિયંત્રણના મામલે ભારતે નોંધપાત્ર અનુભવ હાંસલ કર્યો છે, અને તે પોતાનો અનુભવ વિશ્વ સમક્ષ રજૂ કરવા તૈયાર છે.

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ, 2026(આઈએમસી)ને સંબોધતા પીએમશ્રી મોદીએ જણાવ્યું હતું કે, સાયબર ફ્રોડ અને ક્રાઈમને સરહદની કોઈ મર્યાદાઓ નથી નડતી. કોઈ એક દેશમાં બેઠેલો વ્યક્તિ બીજા દેશમાં રહેતા વ્યક્તિની મદદથી ત્રીજા દેશમાં સાયબર ક્રાઈમ કરી શકે છે. આ સાથે જ ડીપફેક્સથી વધેલાં પડકારોની વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આવા, નીતનવા જોખમોના સમાધાન માટે વૈશ્વિક માળખું બનાવવા તમામ દેશોએ એક સાથે મળીને કામ કરવું જરૂરી છે. આથી જ હું સમગ્ર વિશ્વના જીએસએમએ તથા ટેલિકોમ ઓપરેટર્સને આવી સાયબર છેતરપિંડી અને



અપરાધો લોકો સુધી પહોંચે તે પહેલાં જ તેને અટકાવી શકાય તેવું વૈશ્વિક માળખું તૈયાર કરવા અપીલ કરું છું.

સામાન્ય માણસ માટે વિશ્વાસનો અર્થ; કોણે કોલ કર્યો છે તેની જાણકારી હોવી, મેસેજ સાચો છે કે ફેક છે, પેમેન્ટ સુરક્ષિત છે કે નહીં અથવા તો તેનો વ્યક્તિગત ડેટા સુરક્ષિત છે કે નહીં તેવો થાય છે. તેઓ પ્રોટોકોલ કે ટેક્નિકલ ભાષા વિશે નથી વિચારતાં. તેમના માટે વિશ્વાસ જ સર્વોપરી છે. મોબાઈલ ફોન હવે માત્ર સંવાદ પૂરતા મર્યાદિત નથી રહ્યાં. હવે તે સરકારી વહીવટ અને જાહેર સેવાઓને લોકો સુધી પહોંચાડવા મહત્વનું માધ્યમ બન્યાં છે. 2022માં આઈએમસીના મંચ પરથી દેશમાં 5G સેવાની શરૂઆત કરી હોવાનું જણાવત પીએમશ્રી મોદીએ ઉમેર્યું હતું કે, આ દેશના દરેક જિલ્લામાં 5જી પહોંચી ગયું છે અને ઈન્ટરનેટની સ્પીડમાં 2022ની તુલનાએ 10 ગણો વધારો થયો છે.

## એનસીસીએફ, નાફેડ અને અમૂલ મહિલા સહકારી સાહસોને બજાર સાથે જોડવામાં મદદ કરશે : શ્રી અમિતભાઈ શાહ

કોલ્લમ : મહિલા સ્વસહાય જૂથો અને ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકોને સંગઠિત બજાર સાથે જોડવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે 26 સપ્ટેમ્બરે, 2026 કેરળમાં કોલ્લમ ખાતે 'વનિતમ શી-માર્ટ' પહેલનો પ્રારંભ કર્યો હતો. આ યોજના હેઠળ કેરળમ, તમિલનાડુ અને કર્ણાટકમાં 300થી વધુ શી-માર્ટ સ્ટોર શરૂ કરવામાં આવશે. આ સ્ટોરમાં મહિલા સંચાલિત સાહસોના સ્થાનિક ઉત્પાદનોની સાથે 'ભારત બ્રાન્ડ'નાં ઉત્પાદનોનું પણ વેચાણ કરવામાં આવશે. આ પહેલનો હેતુ મહિલા સ્વસહાય જૂથો અને મહિલા સંચાલિત સાહસોને ઉત્પાદનની સાથે પ્રોસેસિંગ, પેકેજિંગ, બ્રાન્ડિંગ અને છૂટક વેચાણની વ્યવસ્થા સાથે જોડવાનો છે. રાજ્યમાં 23,000થી વધુ સહકારી સંસ્થાઓ કાર્યરત છે, ત્યારે આ પહેલ કેરળમની સહકારી વ્યવસ્થાને નવું બજારલક્ષી પરિમાણ પૂરું પાડી આર્થિક રીતે મજબૂત બનાવશે.

વનિતમ શી-માર્ટનો પ્રારંભ કરાવતા




સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે 'વનિતમ શી-માર્ટ'નો પ્રારંભ કર્યો : મહિલા સહકારી સાહસોને મળશે બજાર અને રોજગારીની નવી તકો

(NCCF) અને ભારત લજ્જના સહકારી સમિતિ વચ્ચે ત્રણ દક્ષિણ ભારતીય રાજ્યોમાં 300 'શી-માર્ટ' દુકાનો શરૂ કરવા માટે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, એનસીસીએફ અને ધ સેન્ટ્રલ ફાઈનાન્શિયલ ક્રેડિટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કો-ઓપરેટિવ (ઈન્ડિયા) લિમિટેડ (CFCICI) વચ્ચે પણ સમજૂતી




એનસીસીએફ અને નાફેડ દ્વારા મહિલા કેન્દ્રિત સહકારી વિકાસને વેગ, ત્રણ રાજ્યોમાં 300થી વધુ સ્ટોર ખોલાશે

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આ પહેલમાં રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓને પણ જોડવામાં આવી છે. નાફેડ (NAFED), કેન્દ્રીય ભંડાર અને અમૂલ જેવી સંસ્થાઓ મહિલા સંચાલિત સાહસોના વિસ્તરણમાં મદદ કરશે. આ મોડલ હેઠળ ખરીદીથી લઈને ઉત્પાદનના મૂલ્યવર્ધન અને ગ્રાહકો સુધી પહોંચવા સુધીની સમગ્ર પ્રક્રિયામાં સહયોગ આપવામાં આવશે. જેમાં ખરીદી, પ્રોસેસિંગ, બ્રાન્ડિંગ, પેકેજિંગ અને અંતે છૂટક બજારમાં સીધી પહોંચનો સમાવેશ થાય છે.

કાર્યક્રમ દરમિયાન એનસીસીએફ કરારની આપ-લે કરવામાં આવી હતી. અન્ય એક કરાર દ્વારા ભારતીય મત્સ્ય પ્રવર્તક સંઘની મત્સ્ય પુરવઠા શૃંખલાને એનસીસીએફની 'જનાહ' બ્રાન્ડ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સહકારી પહેલનો વ્યાપ કૃષિ અને ખાદ્ય વિતરણ ક્ષેત્ર સુધી પણ વિસ્તર્યો હતો. એનસીસીએફ અને નાફેડની મોબાઈલ વાનને પ્રતિ કિલોગ્રામ રૂ. 35ના સબસિડીવાળા ભાવે ડુંગળીનું વેચાણ કરવા માટે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, 'વનિથમ શી-માર્ટ' સ્ટોર્સ દ્વારા મહિલા ગ્રાહકોને 'ભારત આટા' અને 'ભારત રાઈસ'નું વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, હાલમાં આશરે આઠ લાખ ખેડૂતો નાફેડ સાથે સંકળાયેલા છે, જ્યારે લગભગ છ લાખ મહિલા ખેડૂતો એનસીસીએફ સાથે જોડાયેલી છે. તેમણે આ સંખ્યા વધુ વધારવા માટે પ્રયાસો કરવામાં આવશે તેમ જણાવીને ઉત્પાદકોને બજાર સાથે જોડવામાં રાષ્ટ્રીય સહકારી સંસ્થાઓની વધતી જતી ભૂમિકા પર ભાર મૂક્યો હતો. 'કઠોળમાં આત્મનિર્ભરતા મિશન' દ્વારા પણ મહિલા ખેડૂતોને સહકાર સાથે જોડવામાં આવી રહી છે. આ મિશન હેઠળ મહિલા ખેડૂતોને અડદ અને ચણાના બિયારણની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, 'નાફેડ-કલ્યાણ શિષ્યવૃત્તિ યોજના' હેઠળ નોંધાયેલા ખેડૂત પરિવારોની દીકરીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી રહી છે. કેરલમ માટે આ પહેલ રાજ્યની સુવિકસિત સહકારી વ્યવસ્થામાં એક નવું પરિમાણ ઉમેરે છે. શ્રી અમિતભાઈ શાહે રાજ્યની સહકારી પરંપરા સ્વાતંત્ર્યપૂર્વ સમયથી ચાલી આવતી હોવાનું જણાવીને કહ્યું હતું કે કેન્દ્ર સરકાર, ખાસ કરીને જૈવિક ખેતી અને સંબંધિત ક્ષેત્રોમાં, ભારત સરકારની વિવિધ યોજનાઓનો વધુ લાભ રાજ્યને મળે તે માટે સહયોગ આપવા તૈયાર છે. કાર્યક્રમમાં મત્સ્ય ક્ષેત્રને પણ સહકારી વિકાસની મહત્ત્વપૂર્ણ તક તરીકે રજૂ

અનુસંધાન પાના નંબર : 2

### કામરેજ,સુરત મુકામે કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર

## ક્રેડિટ સોસાયટીઓ અને ગ્રાહકો બંનેએ ડિજિટલાઈઝેશન અપનાવવુંએ સમયની માંગ-શ્રી ઘનશ્યામભાઈ અમીન




કામરેજ : ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ તેમજ સુરત જિલ્લા અર્બન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે તા.27/9/2026ના રોજ શ્રી દયાળજી ગો.પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મુ.નવાગામ, કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત મુકામે જિલ્લા કક્ષાનો કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર યોજાયો હતો.

સેમિનારના પ્રમુખસ્થાનેથી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.ના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીને આર્શીવચન આપતાં જણાવ્યું હતું કે, હવે પ્રવાહ ડિજિટલ છે, તેથી સૌ કોઈએ ટેકનોલોજીથી વાકેફ થવું જરૂરી છે, ક્રેડિટ સોસાયટીઓએ ટેકનોલોજી અપનાવવી પડશે તો ગ્રાહકોએ પણ હવે ડિજિટલાઈઝેશન તરફ વળવું પડશે. કારણ ટેકનોલોજીનું પૂરતું જ્ઞાન નહીં હોય તો છેતરપિંડીના ભોગ બનવું પડશે અને નાણાકીય મોટું જોખમ પણ આવી શકે. આ માટે ક્રેડિટ સોસાયટીઓમાં બેંકિંગ ફ્રોડ રોકવા બેન્કો જેમ તજજ્ઞ સ્ટાફની ભરતી કરે છે તેમ ક્રેડિટ સોસાયટીઓએ પણ ભરતી કરવી જોઈએ.લોન લેનાર સભાસદની સુરક્ષા વિશે વીમા યોજના ફેડરેશન દ્વારા અમલમાં મુકેલ છે. ફેડરેશન દ્વારા ક્રેડિટ સોસાયટીમાં લોન લેનાર સભાસદનું જ્યારે અવસાન થાય છે ત્યારે વસૂલાતના પ્રશ્નો ના ઉદ્‌ભવે તે માટે ઈન્સ્યોરન્સ કંપની સાથે ચર્ચા- વિચારણા કરી સભાસદોને ઓછામાં ઓછા પ્રીમિયમે વધુ સુરક્ષા મળે તે હેતુથી EDME બ્રોકિંગ કંપની સાથે MOU કરવામાં આવેલ છે.

વધુમાં શ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, હવે ક્રેડિટ સોસાયટીઓએ ઈન્સ્યોરન્સ લેવો સોસાયટી અને સભાસદો બંનેના હિતમાં છે.આ માટે એડમિ.કંપની ઈન્સ્યુરન્સ રેગ્યુલેટરી અને ડેવલપમેન્ટ ઓથોરિટી હેઠળ નોંધાયેલી છે.અને તેનો વાર્ષિક કુલ બિઝનેસ રૂપિયા 900 કરોડથી



પણ વધુ છે.રાષ્ટ્રીય બેન્કો અને કો-ઓપરેટિવ બેન્કો તથા ક્રેડિટ સોસાયટીઓ પણ તેની સેવા લીધી છે ત્યારે ક્રેડિટ સોસાયટીઓએ પોતાના ધિરાણ સુરક્ષિત રાખવા આ કંપની સાથે જોડાણ કરીને તમામ ધિરાણો વીમા હેઠળ સુરક્ષિત કરવા માટે સજ્જ બને અને ગ્રાહકોનો વિશ્વાસ વધુ મજબૂત બનાવે.

સેમિનારમાં મુખ્ય અતિથિવિશેષ અને નિવૃત્ત જોઈન્ટ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ શ્રી જે.જે. શાહે ક્રેડિટ સોસાયટીઝના પ્રતિનિધિઓને મૂંઝવતા પ્રશ્નોનું સમાધાનકર્યું હતું. જેમકે નોમિનલ સભાસદને કયા અધિકારો મળેલા છે કે ચૂંટણી ડ્યૂ થાય તો કેવા સંજોગોમાં કસ્ટોડિયન આવે, ધિરાણ વસૂલાતમાં શું શું કરી શકાય.ઈન્ફ્રાસ્ટ્રકચર માટે શું કરવું જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું હતું.

સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિ.સુરતના પૂર્વ અધિકારી અને વિષય તજજ્ઞ શ્રી હરિશભાઈ મિસ્રીએ એચ.આર. ડી.ઈન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી વિષય ઉપર માહિતી આપતાં જણાવ્યું હતું કે, કોઈપણ સંસ્થાના વિકાસમાં કર્મચારીઓનો ફાળો મહત્વનો હોય છે,કર્મચારીઓના યોગદાન ઉપર જ સંસ્થાના વિકાસનો આધાર રહેલ છે. તે માટે ઓફિસોમાં સારો માહોલ અને કર્મચારીઓની જરૂરિયાતોને પૂરી પાડવા માટે સંસ્થાએ વિચારવું પડશે. કર્મચારીઓની સ્વાસ્થ્યની પણ ચિંતા કરવાની રહે છે ને વખતો વખત કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાથી કર્મચારીઓ સંસ્થાની પ્રગતિ માટે નિમિત્ત બને છે.

એડમિ. સર્વિસ બ્રોકિંગ પ્રા. લિ. હૈદરાબાદના વાઈસ પ્રેસિડેન્ટ ફરહાબેન શેડાએ ક્રેડિટ સોસાયટીઓની વીમા સુરક્ષા પોલિસી વિશે એડમિ.કંપની સાથે નેગોસિએશન કરતાં તેમના દ્વારા રૂ.1000ના ધિરાણ સામે રૂપિયા 4.25નો પ્રીમિયમનો દર રહેશે તથા તેમાં રૂપિયા 5 હજારથી 35 લાખના ધિરાણ પર વીમાનું સુરક્ષા કવચ આપવામાં આવશે તથા વયમર્યાદા 65 વર્ષની રહેશે. આ કંપનીના ગાંધીનગર અને અમદાવાદમાં પણ કાર્યાલયો છે.

સુરત શહેર સાઈબર સેલ,પી.એસ. આઈ. શ્રી ક્રિષ્ણાબેન કે. આસોદરીયાએ સાઈબર ક્રાઈમના પ્રકારો, સોશિયલ મિડીયા સંબંધિત નાણાકીય છેતરપિંડી, સોશિયલ મિડીયા સંબંધિત ફ્રોડ,સાઈબર બુલિંગ,જાતિય શોષણ,શેર માર્કેટના ફ્રોડ, ખોટી લિંક બનાવવી, ક્રિપ્ટોકરન્સી ફ્રોડ, આર.ટી.ઓ.ચલણ(.apk) ફ્રોડ,શોપીંગ કે કેરિયર ફ્રોડ કેવી રીતે બને છે અને તેની સામે

અનુસંધાન પાના નંબર : 2

## એનસીસીએફ સહકારી ઉત્પાદકોને ગ્રાહકો સાથે જોડી પુરવઠા શૃંખલાને મજબૂત બનાવી રહ્યું છે

નવીદિલ્હી : ભારતીય રાષ્ટ્રીય સહકારી ગ્રાહક મહાસંઘ લિમિટેડ (National Cooperative Consumers' Federation of India Ltd. – NCCF) એ વર્ષ 2025–26માં 68.15 ટકાની વૃદ્ધિ સાથે રૂ. 13,908.12 કરોડનું ટર્નઓવર થયું છે, અને ચોખ્ખો નફો રૂ. 180.13 કરોડ નોંધાયો છે.

27 સપ્ટેમ્બર, 2026ના રોજ નવી દિલ્હીમાં ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ (NCUI)ના મુખ્યાલય ખાતે યોજાયેલી એનસીસીએફની 56મી વાર્ષિક સામાન્ય સભામાં મહાસંઘના નાણાકીય પરિણામો તથા ખેડૂતો અને ગ્રાહકોના હિતમાં હાથ ધરાયેલી વિવિધ પહેલોની સમીક્ષા કરવામાં આવી હતી.

એનસીસીએફના અધ્યક્ષશ્રી વિશાલ સિંહે પારદર્શક ખરીદી પ્રક્રિયા, ટેક્નોલોજી આધારિત પ્લેટફોર્મ અને કાર્યક્ષમ પુરવઠા વ્યવસ્થાને સહકારી ક્ષેત્રમાં એનસીસીએફની ભૂમિકા વધુ મજબૂત બનાવવાનાં મહત્ત્વપૂર્ણ સાધનો ગણાવી જણાવ્યું હતું કે, ફેડરેશન ખેડૂતોને સહાય પૂરી પાડવા, તેમની પેદાશોના વાજબી ભાવ સુનિશ્ચિત કરવા અને ગ્રાહકોને આવશ્યક ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે.




એનસીસીએફે રૂ. 180 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો; 5.54 લાખ ખેડૂતોને થયો લાભ

એનસીસીએફના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એનિસ જોસેફ ચંદ્રાએ ખરીદી, વિતરણ અને છૂટક વેચાણની કામગીરીને વધુ મજબૂત બનાવવા માટે પારદર્શક પ્રક્રિયાઓ, ટેક્નોલોજી આધારિત વ્યવસ્થાઓ અને કાર્યક્ષમ પુરવઠા શૃંખલાના મહત્ત્વ પર ભાર મૂકી જણાવ્યું હતું કે, એનસીસીએફ સહકારી સિદ્ધાંતોને ખેડૂતો અને ગ્રાહકો માટે નક્કર પરિણામોમાં પરિવર્તિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

અનુસંધાન પાના નંબર : 3

# વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

વડોદરા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ–અમદાવાદની સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચારની કામગીરીને અન્વયે વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા શ્રી બી.કે.પટેલ આર્ટસ એન્ડ શ્રીમતી એલ.એમ. પટેલ કોમર્સ કોલેજ, મુ.પો.તા.સાવલી, જિ.વડોદરા મુકામે તા.14/09/2026 થી તા.19/09/2026 સુધી યુવક સહકારી શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું અને વર્ગનાં અંતિમદિને પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમનાં પ્રમુખ ડૉ. વશિષ્ઠધર દ્વિવેદી-પ્રિન્સિપાલશ્રી, અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રવિણભાઇ એમ. પટેલ–પ્રમુખશ્રી, મુખ્ય મહેમાન શ્રી નિરંજનભાઇ વિ.પટેલ–માનદમંત્રી–વડોદરા જિલ્લા સહકારી સંઘ, ડૉ.દિપકભાઇ આર. ચૌધરી, પો. આરતીબેન.વી. રાઠવા, પો. ગોપાલભાઇ જી. વણકર-ફેકલ્ટી મેમ્બર અને ઓફિસ સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાનથી કરવામાં આવી હતી. શાબ્દિક સ્વાગત શ્રી નિરંજનભાઇ પટેલે કર્યુ હતું. વર્ગ સંચાલકશ્રી શિરીષ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં યુવક સહકારી શિક્ષણ વર્ગની ટૂંકમાં માહિતી આપી હતી.

કાર્યક્રમનાં પ્રમુખશ્રી ડૉ. વશિષ્ઠધર દ્વિવેદીએ શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરીયનની કામગીરીને બિરદાવી અમૂલ પેટર્નની માહિતી આપી હતી અને ગ્રામ્યવિસ્તારોમાં આવેલ વિવિધ સહકારી મંડળીઓમાં યુવકોને સહકારી વહીવટી વ્યવસ્થામાં ભાગીદારી વધારી સહકારી ભાવના જાળવવા અને કેળવવા પર ભાર મૂક્યો હતો.

અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રવિણભાઇ પટેલે જિલ્લા સહકારી સંઘની કામગીરીની માહિતી આપી હતી અને ભવિષ્યમાં સહકારી મંડળીની રચના કરવા તેમજ તે અંગે જિલ્લા સહકારી સંઘનો સંપર્ક કરી પુરતો સહકાર આપવાની ખાત્રી આપી હતી.

કાર્યક્રમમાં હાજર વિદ્યાર્થીઓમાં સિંગ અનામિકા અને મકવાણા ભૂમિએ અભિપ્રાયમાં યુવક સહકારી શિક્ષણવર્ગથી સંતોષની લાગણી વ્યકત કરી હતી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન વર્ગ સંચાલકશ્રી શિરીષ પટેલે કર્યું હતું. જ્યારે આભારવિધિ ડૉ. દિપકભાઇ આર. ચૌધરીએ કરી હતી.

# શ્રી જામનગર જિલ્લા સહકારી સંઘની 68મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

જામનગર : જામનગર જિલ્લા સહકારી સંઘની 68 મી વાર્ષિક સાધારણ સભા તા.20/09/2026ને રવિવારના રોજ શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી, હરીયા કોલેજ પાસે, જામનગર મુકામે સંઘના ચેરમેનશ્રી જયંતભાઈ સી.વિરાણી(જે.સી.વિરાણી-એડવોકેટ) ના પ્રમુખસ્થાને યોજાઈ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સંઘના માનદમંત્રીશ્રી વશરામભાઈ ચોવટીયાએ સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત મહાનુભાવો તથા સભાસદ પ્રતિનિધિઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમણે સંઘની કામગીરી, સહકારી પ્રવૃતિ તથા સંઘ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને માર્ગદર્શક કામગીરી અંગે માહિતી હતી.




સભામાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ધી જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કના ચેરમેનશ્રી જીતુભાઈ લાલે સહકારી ક્ષેત્રના સામાજિક અને આર્થિક મહત્ત્વ પર જણાવ્યું હતું કે, સહકારી સંસ્થાઓ માત્ર નાણાકીય કે વ્યવસાયિક પ્રવૃત્તિઓ પુરતી મર્યાદિત ન રહેતા સભાસદોના સર્વાંગી વિકાસ અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સહકારી સંસ્થાઓએ સભાસદોના હિતને કેન્દ્રસ્થાને રાખી પારદર્શિતા, વિશ્વાસ અને સેવા ભાવ સાથે કામગીરી કરવી જોઈએ.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, જામનગર શ્રી એ.એમ. સિધ્ધપરાએ સંચાલકો અને કર્મચારીઓ સમયાંતરે તાલીમ લઈ કાર્યદક્ષતા વધારવા અનુરોધ કરતાં જણાવેલ કે, સહકારી સંસ્થાઓએ સબંધિત કાયદા, નિયમો અને કાયદાકીય જોગવાઈઓનું પાલન કરી સંસ્થા અને સભાસદોના હિતમાં કાર્ય કરવું જોઈએ. સંસ્થાની વહીવટી અને નાણાકીય કામગીરી જેટલી પાદર્શક રહેશે તેટલો સભાસદોનો વિશ્વાસ વધુ મજબૂત બનશે.

પ્રમુખસ્થાનેથી સંઘના ચેરમેનશ્રી જયંતભાઈ સી.વિરાણીએ જણાવેલ કે,સહકારી ક્ષેત્રએ ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસનું મહત્ત્વનું અંગ છે. સહકારના સિધ્ધાંતોના આધારે રચાયેલી સંસ્થાઓ દ્વારા સમાજના વિવિધ વર્ગોને આર્થિક રીતે સશકત બનાવવાનું મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવે છે.

ચેરમેનશ્રીએ જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારી સંસ્થાઓને માર્ગદર્શન અને સહયોગ આપવા માટે કરવામાં આવતી કામગીરીની માહિતી આપતા જણાવેલ કે, સંઘનો મુખ્ય હેતુ જિલ્લાના સહકારી ક્ષેત્રને સંગઠિત, સક્ષમ અને કાર્યક્ષમ બનાવવાનો છે. સહકારી સંસ્થાના સંચાલકો અને કર્મચારીઓને સમયાંતરે તાલીમ અને માર્ગદર્શન મળે તે જરૂરી છે, જેથી તેઓ બદલાતા સમય સાથે પોતાની કાર્યપધ્ધતિમાં જરૂરી સુધારા કરી શકે.

સભામાં ખાસ ઉપસ્થિત ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન-અમદાવાદ અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-કાલાવડના ચેરમેનશ્રી માલિકભાઈ નથવાણી તેમજ શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ., જામનગરના ચેરમેનશ્રી દીનેશભાઈ ડાંગરીયાએ પ્રાસંગિક પ્રવચન કરેલ. આ સભામાં સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ વાર્ષિક હિસાબો રજૂ કરી, વર્ષ દરમિયાન થયેલ વિવિધ કામગીરી અંગે સભાસદોને સમજ આપી, વિવિધ મુદ્દાઓ અંગે સભાસદોને માહિતગાર કરેલ. આ પ્રસંગે જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાંથી હાલમાં નિવૃત થયેલ શ્રી કટારમલનું તેમના કાર્યકાળ દરમિયાન ઈમાનદારી અને નિષ્પક્ષ રીતે કરેલ કામગીરી બદલ જિલ્લા સહકારી સંઘ તરફથી ખાસ સન્માન કરવામાં આવેલ.

અંતમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, હોદ્દેદારો, સભાસદો તથા સહયોગી કર્મચારીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સૌના સહકાર અને માર્ગદર્શનથી જામનગર જિલ્લા સહકારી સંઘની કામગીરીને આગામી સમયમાં વધુ અસરકારક રીતે આગળ ધપાવવાની લાગણી સાથે વાર્ષિક સાધારણ સભાનું સમાપન કરવામાં આવ્યું હતું.

# શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.ની 55મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ

ભાવનગર : શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ., ભાવનગરના સભાસદોની 55મી વાર્ષિક સાધારણ સભા તા.28/09/2026ના રોજ સાંજે 5:30 કલાકે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર ખાતે મળેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રાધ્યાપક ડો. સુભાષ એસ. શર્માની વરણી કરવામાં આવી હતી. સાથો સાથ મંડળીના પ્રમુખશ્રી ધિતેશ એમ. બુધેલિયા, માનદ મંત્રીશ્રી મિલનસિંહ એલ. પરમાર, કારોબારી સભ્યશ્રીઓ, મંડળીના પૂર્વ પ્રમુખ તથા યુનિવર્સિટીના શૈક્ષણિક તથા વહીવટી અધિકારીઓ તથા પદાધિકારીઓ અને કર્મચારી સભાસદો હાજર રહેલ. કોરમની સંખ્યા પૂરી થતા દીપપ્રાગટ્ય સાથે સાધારણ



સભાનું કામકાજ શરૂ કરવામાં આવેલ. સભામાં ગત ખાસ સભાની કાર્યવાહી નોંધ તથા તા.31/03/2026ના રોજના વિવિધ હિસાબો તથા અન્ય દફતરો, દસ્તાવેજોની નોંધ લઈ તેમને મંજૂર કરવામાં આવ્યા હતા.

આગામી વર્ષ : 2027–2028 માટેનું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ. મંડળીના આંતરિક ઓડિટર તરીકે શ્રી શૈલેષ ગોહિલની નિમણૂંક સર્વ સંમતિથી કરવામાં આવી. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ ઓડિટની નોંધ લેવામાં આવેલ અને મંડળીને ઓડિટ વર્ગ "અ" ફાળવેલ જેની શુભેચ્છાઓ પાઠવવામાં આવી. મંડળીના આગોતરા આયોજનોની આછેરી માહિતી માનદમંત્રીશ્રી મિલનસિંહ એલ. પરમારે આપી હતી. અંતમાં સભાના અધ્યક્ષશ્રી ડો. એસ. એસ. શર્મા અને પ્રમુખશ્રી ધિતેશ એમ. બુધેલિયાએ સૌનો આભાર વ્યક્ત કરેલ.

# અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા 6 દિવસીય યુવક સહકારી વર્ગ યોજાયો

દામનગર: ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના અંર્તગત અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા દામનગર ગુરુકુળ ખાતે 6 દિવસીય યુવક સહકારી સેમિનાર સંપન્ન થયો.

આ સેમિનારમાં ઉત્સાહભેર ભાગ લેનાર તમામ સહભાગીઓ માટે સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ ગરિમામય અવસરે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત ગુરુકુળના શ્રી ચંદ્રપ્રસાદ સ્વામી, અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા સહકારી સંઘના ઉપાધ્યક્ષ શ્રી હરજીભાઈ નારોલા, ગુરુકુળના પ્રોફેસરો તેમજ સ્થાનિક અગ્રણીઓ



ખાસ ઉપસ્થિત હતા.

સેમિનાર દરમિયાન યુવાનોને સહકારી પ્રવૃત્તિ, તેનું મહત્વ અને ગ્રામીણ વિકાસમાં સહકારી ક્ષેત્રના યોગદાન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર (સર્ટિફિકેટ) એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગુરુકુળના સંચાલકો અને અગ્રણીઓએ અમરેલી જિલ્લા સહકારી સંઘના આ સરાહનીય પ્રયાસને બિરદાવ્યો હતો.

# ધી અમદાવાદ મહારાષ્ટ્રીયન ક્રેડિટ એન્ડ કો-ઓપરેટિવ સપ્લાય સોસાયટી લિ. દ્વારા પારિતોષક વિતરણ સમારંભ યોજાયો

અમદાવાદ: ધી અમદાવાદ મહારાષ્ટ્રીયન ક્રેડિટ એન્ડ કો-ઓપરેટિવ સપ્લાય સોસાયટી લિમિટેડ દ્વારા લાલદરવાજા સ્થિત મંગલ ભવન ખાતે સભાસદોના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પુરસ્કાર આપી સન્માનિત કરવાનો સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં 81 વિદ્યાર્થીને સર્ટિફિકેટ, રોકડ તેમજ પુસ્તક આપીને સન્માનિત કરાયા હતા. મારુતિ મંદિર ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તક ભેટ સ્વરૂપે અપાયા હતા. સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. સુશીલભાઈ નાઇક, સોસાયટીના ચેરમેનશ્રી પરશુરામ કાનડે તેમજ મારુતિ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ભરત ગવારીકર અને સોસાયટીના સેક્રેટરી અશોકભાઈ કાપૂરે તેમજ અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવજ ડેરીની સામાન્ય સભા વંથલીમાં સંપન્ન

વંથલી: જૂનાગઢ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (સાવજ ડેરી)ના ખોખરડા પ્લાન્ટ ખાતે ડેરીની 17મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા સર્વે પશુપાલકો અને ખેડૂતો સાથે વિસ્તૃત સંવાદ સાધવામાં આવ્યો હતો.

સાધારણ સભા દરમિયાન દૂધ ઉત્પાદન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પ્રાથમિક દૂધ મંડળીઓ, સભાસદો તથા દૂધ સંઘના કર્મચારીઓને તેમની શ્રેષ્ઠ સેવાઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સાવજ ડેરીના હાલમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટો, આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર કામગીરી તેમજ પશુપાલકો લક્ષી નવી યોજનાની રૂપરેખા સભાસદો સમક્ષ રજૂ કરવામાં આવી હતી. સભામાં વિવિધ મહત્વના ઠરાવોને મંજૂરી આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ

અનુસંધાન પાના નંબર : 3

# ગુજરાતના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર દ્વારા ડેરી સહકારી મંડળીઓના ઓડિટરો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર : ગુજરાતના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર (RCS) દ્વારા ગાંધીનગર સ્થિત URICM ખાતે ડેરી સહકારી મંડળીઓના ઓડિટરો માટે બે દિવસીય ક્ષમતા વૃદ્ધિ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સહકારી મંડળીઓમાં ઓડિટની પદ્ધતિઓને વધુ સુદ્દઢ બનાવવા અને પારદર્શક વહીવટને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમ યોજાયો હતો.



ગુજરાતના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર દ્વારા તાલીમ કાર્યક્રમમાં સહકારી કાયદાઓ, ERP/PACS, સરકારી યોજનાઓ અને આધુનિક ઓડિટ પદ્ધતિઓ સહિતના મહત્ત્વના વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ સહકારી ઓડિટરોની વ્યાવસાયિક ક્ષમતામાં વધારો કરવાનો તેમજ સહકારી ક્ષેત્રની બદલાતી જરૂરિયાતો અને નવીન વ્યવસ્થાઓ સાથે તેમને સુસંગત બનાવવાનો હતો. કાર્યક્રમમાં સહકારી સંસ્થાઓમાં પારદર્શિતા, જવાબદારી અને સુશાસન સુનિશ્ચિત કરવામાં અસરકારક ઓડિટની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

સહકારી ક્ષેત્રમાં ડિજિટલ વ્યવસ્થાઓ અને ટેક્નોલોજી આધારિત સંચાલન પર વધી રહેલા ભારને ધ્યાનમાં રાખીને આ પહેલ મહત્ત્વપૂર્ણ છે. હવે ઓડિટરોએ કાયદાકીય જોગવાઈઓની જાણકારીની સાથે નવી ડિજિટલ પ્રણાલીઓ અને કાર્યપદ્ધતિઓની સમજ પણ કેળવવી જરૂરી બની છે.

ONDCના માધ્યમથી... પાના નં. 4નું અનુસંધાન

ઉપલબ્ધતા જેવા પડકારો ઘટાડવાની દિશામાં પણ આ પહેલ મહત્ત્વપૂર્ણ બની શકે છે.

સહકારી સંસ્થાઓ માટે પ્રસ્તાવિત આ પહેલ સરકારના ‘સહકારથી સમૃદ્ધિ’ના વ્યાપક વિઝન સાથે સુસંગત છે. ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સહકારી મૂલ્યશૃંખલાને મજબૂત બનાવવી, સભાસદોની આવક વધારવાની તકો ઊભી કરવી અને સહકારી સંસ્થાઓને વધુ સ્પર્ધાત્મક, બજારલક્ષી તથા ડિજિટલ રીતે સક્ષમ બનાવવી એ આ દિશાના મુખ્ય ઉદ્દેશો છે.

ઈ-કોમર્સમાં પ્રવેશ મેળવવા માટે ઉત્પાદનનું ડિજિટલ કેટલોગિંગ, ગુણવત્તાયુક્ત પેકેજિંગ, વેરહાઉસિંગ, ઓર્ડરનું સંચાલન, ડિજિટલ ચૂકવણી અને ગ્રાહકો સુધી અંતિમ તબક્કાની ડિલિવરી જેવી સુવિધાઓ જરૂરી છે. ગ્રામ્ય અને પાયાના સ્તરે કાર્યરત અનેક સહકારી સંસ્થાઓ માટે આ બધી વ્યવસ્થાઓ સ્વતંત્ર રીતે વિકસાવવી ખર્ચાળ અને પડકારજનક બની શકે છે.

ONDC દ્વારા ખેડૂતો, કારીગરો અને નાના ઉત્પાદકોને ડિજિટલ બજાર સાથે જોડવા માટે હાથ ધરવામાં આવેલી પહેલો આ દિશામાં ઉપયોગી મોડલ પૂરાં પાડે છે. તેના ‘અમેઝિંગ ઇન્ડિયા’ કાર્યક્રમ અંગે ઉપલબ્ધ માહિતી મુજબ, આ પહેલ સાથે 1,500 ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) અને 50,000થી વધુ ખેડૂતો જોડાયેલા છે. આ કાર્યક્રમમાં પેકેજિંગ, વેરહાઉસિંગ અને લોજિસ્ટિક્સ માટે પણ સહાય આપવામાં આવે છે.

આવા અનુભવોના આધારે સહકારી ક્ષેત્ર માટે પણ સંયુક્ત ડિજિટલ માળખું ઊભું કરવાની સંભાવના છે. સહકારી સંસ્થાઓ એકવાર પોતાનો ડિજિટલ કેટલોગ તૈયાર કરીને વિવિધ ખરીદદાર એપ્લિકેશનો પર ઉત્પાદનો ઉપલબ્ધ કરાવી શકે તો નાના ઉત્પાદક સંગઠનોને પણ પોતાના ભૌગોલિક વિસ્તારની બહારના ગ્રાહકો સુધી પહોંચવાની તક મળી શકે છે.

જો આ પ્રસ્તાવનો અસરકારક રીતે અમલ થાય તો ગામડાંના ઉત્પાદકો અને શહેરી ગ્રાહકો વચ્ચે સીધું ડિજિટલ જોડાણ સ્થાપિત કરવામાં મદદ મળી શકે છે. પરિણામે સહકારી ઉત્પાદનોને વિશાળ બજાર, વધુ સારી ઓળખ અને વેચાણની નવી તકો પ્રાપ્ત થઈ શકે છે. આમ, ONDC સાથે સહયોગમાં સહકારી ક્ષેત્ર માટે ડિજિટલ વાણિજ્ય વ્યવસ્થા વિકસાવવાની સંભાવનાઓ અંગેની ચર્ચા સહકારી ઉત્પાદકોને સ્થાનિક બજારથી રાષ્ટ્રીય બજાર સુધી લઈ જવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું બની શકે છે.

એનસીસીએફ, નાફેડ... પાના નં. 1નું અનુસંધાન

કરવામાં આવ્યું હતું. લાંબો દરિયાકિનારો, નદીઓ અને બેકવોટર્સ ધરાવતા કેરલમમાં ‘બ્લૂ ઇકોનોમી’ એટલે કે સમુદ્ર આધારિત અર્થતંત્રના વિકાસની વિશાળ સંભાવનાઓ છે. મત્સ્યઉદ્યોગમાં માછીમારીથી લઈને પ્રોસેસિંગ, પેકેજિંગ, બ્રાન્ડિંગ અને નિકાસ સુધીની પ્રવૃત્તિઓને સહકારી માળખા સાથે જોડીને આ ક્ષેત્ર માટે બજારની વધુ તકો ઊભી કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આમ, ‘શી-માર્ટ’ પહેલ મહિલા ઉદ્યોગસાહસિકતા, ખેડૂત ઉત્પાદનોના માર્કેટિંગ અને છૂટક વેપારના વિસ્તરણને સહકારી ક્ષેત્ર સાથે જોડે છે. એનસીસીએફ, નાફેડ અને અન્ય સહકારી સંસ્થાઓ ગ્રામીણ ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે સંસ્થાકીય સેતુ તરીકે કાર્ય કરીને મહિલા સશક્તીકરણ, આર્થિક આત્મનિર્ભરતા અને સહકાર આધારિત બજાર વ્યવસ્થાને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ક્રેડિટ સોસાયટીઓ... પાના નં. 1નું અનુસંધાન

કેવી સાવચેતી રાખવી તે વિષે ઊંડી સમજ આપી હતી.

સેમિનારની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી.સ્વાગત પ્રવચન સુરત જિલ્લા ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.ના ચેરમેનશ્રી ડો.જીવરાજભાઈ ગોધાણીએ કર્યું હતું. આભારવિધિ ફેડરેશનના પૂર્વ ડિરેક્ટર શ્રી ભરતભાઈ અમીન દ્વારા કરવામાં આવી હતી.

સેમિનારનું સંચાલન ફેડરેશનના સી.ઈ.ઓ.શ્રી દુષ્યંતસિંહ વાઘેલા તથા ગુ.રા.સ.સંઘ.ના સી.ઈ.આઈ.એટેચ ટુ તાલીમ કેન્દ્ર શ્રી કેતનભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સેમિનારમાં સુરત જિલ્લાની ક્રેડિટ સોસાયટીઓના મોટી સંખ્યામાં પ્રતિનિધિઓ હાજર રહી માહિતી માર્ગદર્શન મેળવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં સહકારી ક્ષેત્રના ડિજિટાઈઝેશન માટે ત્રિ-દિવસીય ERP સોફ્ટવેર તાલીમ કાર્યક્રમ યોજાયો

અમરેલી : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત સહકારી ક્ષેત્રમાં ડિજિટાઈઝેશનને વેગ આપવા અને કાર્યકારી કાર્યક્ષમતા વધારવાના મુખ્ય ઉદ્દેશ્યથી, અમરેલી જિલ્લામાં એક વિશેષ ERP સોફ્ટવેર તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન તારીખ 28 થી 30 સપ્ટેમ્બર, 2026 દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો.

'સહકાર સે સમૃદ્ધિ' ના વિઝનને સાકાર કરવા આધુનિક એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) સોફ્ટવેર અપનાવવા અને સોસાયટીની કામગીરીમાં પારદર્શકતા, સચોટતા અને સંચાલન સુનિશ્ચિત કરવા માટે ગ્રાઉન્ડ-લેવલના વહીવટકર્તાઓને આધુનિક ડિજિટલ સાધનોથી સજ્જ કરવા અંગે માહિતી અને માર્ગદર્શન આપવાના મુખ્ય ઉદ્દેશ સાથે આ તાલીમ સત્રવિશેષરૂપે યોજવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓ – બગસરા, કુકાવાવ, બાબરા, લાઠી, લીલીયા, રાજુલા, જાફરાબાદ, ખાંભા, ધારી અને અમરેલીમાં કાર્યરત વિવિધ ગ્રામ-સ્તરીય સેવા સહકારી મંડળીઓ (સેવા મંડળીઓ) ના મંત્રીઓ/ સચિવોઓએ ભાગ લીધો હતો.

આ વ્યાપક તાલીમ સત્રો દરમિયાન જિલ્લાના અગ્રણી સહકારી મહાનુભાવો શ્રી અશ્વિનભાઈ સાવલિયા (ચેરમેન, અમર ડેરી), શ્રી જયંતિભાઈ પાંસૂરિયા (ચેરમેન, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ), શ્રી તુષારભાઈ જોષી (અધ્યક્ષ, અમરેલી નગરશિક્ષણ સમિતિ), શ્રી જીગ્નેશભાઈ રમાણી (અધ્યક્ષ, યુથ કમિટી, અમરેલી જિલ્લા સહકારી સંઘ), શ્રી રાજેશભાઈ માંગરોળિયા (ડાયરેક્ટર, અમર ડેરી), શ્રી સુરેશભાઈ સંઘાણી (મેનેજર, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ), શ્રી ભાર્ગવભાઈ ત્રિવેદી(મેનેજર, અમરેલી જિલ્લા સહકારી સંઘ) વિશેષરૂપે ઉપસ્થિત રહ્યાં હતા. સત્ર દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ તાલીમાર્થી સચિવોને સ્થાનિક ખેડૂતો અને સભ્યોને મહત્તમ લાભ પહોંચાડવા માટે તેમના દૈનિક કાર્યપ્રવાહમાં ટેક્નોલોજીને સંપૂર્ણપણે અપનાવવા અને સંકલિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.




કાર્યક્રમમાં વિષય નિષ્ણાત તરીકે ગુજરાત રાજ્ય સહકારી સંઘના કર્મચારી શ્રી રવિકિરણ મુંધવા અને સી.ઈ.આઈ. શ્રી સાગર મહેતા દ્વારા ERP સોફ્ટવેરનો ખૂબ જ સરળતાથી અને અસરકારક રીતે ઉપયોગ થઈ શકે તે માટેનું સચોટ પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## દાહોદ મુકામે જિલ્લા કક્ષાનો કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર યોજાયો

# ક્રેડિટ સોસાયટીઓ માનવપ્રધાન છે, મૂડી પ્રધાન નથી તે નિયમો પ્રમાણે ચાલવી જોઈએ : શ્રી ગોપાલભાઈ પી. ધાનકા

દાહોદ : ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ તેમજ ધી દાહોદ જિલ્લા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.,ધી સહયોગ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ સંયુક્ત ઉપક્રમે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભવન, દાહોદ મુકામે તા.26/9/2026ના રોજ જિલ્લા કક્ષાનો કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર યોજાયો હતો.

ગ્રંથ વિમોચન કરીને ઉદ્ઘાટન પ્રવચનમાં ધી દાહોદ અર્બન કો-ઓપરેટિવ બેન્ક લિ.ના ચેરમેન શ્રી શ્રેયાંશભાઈ શેઠે જણાવ્યું હતું




કે ઈંગ્લેન્ડના રોશડેલમાં સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ થયો હતો, શાહુકારોના શોષણમાંથી મુક્તિ મેળવવા સહકારી પ્રવૃત્તિ શરૂ થઈ હતી.ત્યાર બાદ સહકારી પ્રવૃત્તિ ફુલીફાલી છે. આજે તો સહકારી યુનિવર્સિટી પણ બની છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના પ્રયાસોથી આ ક્ષેત્રમાં વૈવિધ્યતા લાવીને નવીનતા બક્ષવામાં આવી છે.ક્રેડિટ સોસાયટીઓમાં પણ રીકવરીના પ્રશ્નો ઊભા થાય છે અને એન.પી.એ.ના કેસો પણ બને છે ત્યારે વહીવટમાં પારદર્શિતા લાવી નીતિમત્તાથી ચલાવીશું તો વિકાસને કોઈ રોકી શકશે નહીં.

ધી દાહોદ જિલ્લા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.ના સ્થાપક ચેરમેનશ્રી ગોપાલભાઈ પી.ધાનકાએ પ્રમુખસ્થાનેથી જણાવ્યું હતું કે, ગુજરાત ક્રેડિટ સોસયટીઓમાં દેશમાં અગ્રીમ છે.વડોદરાની અન્યોન્ય કો- ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી દેશની પ્રથમ ક્રેડિટ સોસાયટી છે.ક્રેડિટ સોસાયટીઓ માનવપ્રધાન છે, મૂડી પ્રધાન નથી.તે નિયમ પ્રમાણે ચાલવી જોઈએ.ગુજરાતમાં અનેક પ્રકારની સહકારી મંડળીઓ ચાલી રહી છે, અને પોતાની માલિકીના મકાનો પણ છે.ક્રેડિટ સોસાયટીઓ ધારાધોરણ મુજબ ચાલવી જોઈએ. સુશિક્ષિત બોર્ડ અને સ્ટાફ હોવો જોઈએ.ખોટુ ધિરાણ ન કરવું જોઈએ.આવા સેમિનાર નવી ઉર્જા આપે છે.

દાહોદ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી કલસિંહભાઈ મેડાએ જિલ્લામાં શ્રેષ્ઠ આવનાર ત્રણ સોસાયટીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, ક્રેડિટ સોસાયટીઓએ સફળતા મેળવવી હોય તો પ્રામાણિક અને નિષ્ઠાવાન સહકારી અગ્રણીઓમાંથી બોધ લેવો જોઈએ અને તેઓ કરી શકે તો અમે કેમ નહીં, બધું જ શક્ય છે.જો મનમાં મક્કમતા હોય તો.

સેમિનારમાં નિવૃત્ત જો. રજિસ્ટ્રાર, સહકાર મંડળીઓશ્રી, ગુજરાત રાજ્ય શ્રી જે.જે.શાહે જણાવ્યું હતું કે, ક્રેડિટ સોસાયટીઓની સફળતા માટે કાયદાનો સાચા અર્થમાં અમલ કરવો પડે અને સંસ્થા પ્રત્યે વફાદારી પણ ખરી જ.નાણાકીય તમામ વ્યવહારો સહકારી સંસ્થાઓ મારફતે કરવા. નાણાકીય વ્યવહારો ઈડીની નજરમાં છે તેથી કેવાયસીના ધોરણે તમામ કામકાજ પારદર્શક કરવું પડશે.આપણી કમિટી તરીકે ફરજો છે કે ચૂંટણી નિયમિત કરવી,કાયદાના તમામ નિયમો પાળવા,સારી વ્યક્તિઓની કમિટીમાં નિમણૂક કરવી,સમયસર વાર્ષિક સાધારણ સભા બોલાવવી,સભાસદો માટે ફરજો નક્કી કરવી, સોસાયટીની પાંચ વર્ષની મુદતની વ્યવસ્થાપન કમિટીની મુખ્ય ફરજ એ છે કે સભાસદોએ ઓછામાં ઓછી 2 વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવું જોઈએ.ક્રેડિટ સોસાયટીઓએ તેમની પ્રગતિ માટે ડિજિટલ બનવું પડશે એટલે સોશિયલ મીડિયા, વેબસાઈટ, મેઈલ,વોટ્સ એપ કે અન્ય એપ્સો દ્વારા ગ્રાહકોના સીધા સંપર્કમાં રહીને નિરંતર અપડેટ રહેવું પડશે.

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના સી.ઈ.ઓ. શ્રી દૂષ્યંતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ક્રેડિટ સોસાયટી ફુલીફાલી છે. ક્રેડિટ સોસાયટીઓમાં મહારાષ્ટ્ર પછી ગુજરાત બીજા ક્રમે આવે છે. મહારાષ્ટ્રમાં બુલદાણા ક્રેડિટ સોસાયટીમાં 7 લાખ સભાસદો અને 476 શાખાઓ સાથે 7 હજાર કર્મચારીઓ સેવા બજાવે છે.બેંકો જેવી RTGS, NEFT, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ જેવી આધૂનિક સેવાઓ આપે છે.ત્યારે બુલદાણા ક્રેડિટ સોસાયટીઓ જેવી મલ્ટીપર્પઝ ક્રેડિટ સોસાયટીઓમાંથી પ્રેરણા લઈ અન્ય ક્રેડિટ સોસાયટીઓએ પણ આ દિશામાં વિકાસ સાધવો પડશે.

એડમિ. સર્વિસ બ્રોકિંગ પ્રા.લિ.ના હૈદરાબાદના વાઈસ પ્રેસિડેન્ટ ફરહાબેન શેડાએ જણાવ્યું હતું કે, તેમની વીમા કંપની ભારત સહિત અન્ય 25 દેશોમાં કાર્યરત છે અને 9 હજાર કરોડના બિઝનેસ સાથે 1100 એમ્પ્લોઈઝ કામ કરી રહ્યા છે.વીમા સુરક્ષા શા માટે અને ક્રેડિટ સોસાયટી અને તેના સભાસદ બંનેને કઈ રીતે લાભદાયી છે તેની વિવિધ દૃષ્ટાંતો સાથે સમજ આપી હતી.

સેમિનારમાં ગત વર્ષમાં સારી કામગીરી કરનાર ક્રેડિટ સોસાયટીઓને શિલ્ડ અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે સહયોગ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી, દાહોદ,દ્વિતીય ક્રમે વર્ધમાન નાગરિક ક્રેડિટ સોસાયટી અને તૃત્તીય ક્રમે સંજેરી યુવા અર્બન ક્રેડિટ સોસાયટીને તેમના જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રોત્સાહિત કરાઈ હતી.

સેમિનારની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.સ્વાગત પ્રવચન અને સેમિનારની માહિતી ધી દાહોદ જિલ્લા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.દાહોદના વાઈસ ચેરમેન શ્રી સરતનભાઈ એસ. ચૌહાણે આપી હતી..આભારવિધિ અને સંચાલન સહયોગ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.દાહોદના ડિરેક્ટરશ્રી મો.સાબિરભાઈ એ.શેખ દ્વારા કરવામાં આવ્યા હતા. સેમિનારમાં જિલ્લાની ક્રેડિટ સોસાયટીઓના બહોળી સંખ્યામાં પ્રતિનિધિઓ હાજર રહીને માહિતી-માર્ગદર્શન મેળવ્યા હતા.

# સિહોરની ગોપીનાથજી કોલેજમાં યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગ યોજાયો

## બહેનોને સહકારી પ્રવૃત્તિ દ્વારા સ્વાવલંબી બનવા હાકલ

ભાવનગર : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના મુજબ ભાવનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા તારીખ 21/09/2026 થી 26/09/2026 દરમિયાન શ્રી ગોપીનાથજી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સિહોર ખાતે યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. મુખ્ય મહેમાનો અને આમંત્રિતોનું ભાવનગર જિલ્લા સંઘ તથા સંસ્થા પરિવાર વતી પુષ્પગુચ્છ અર્પણ કરી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ કોલેજના આચાર્ય શ્રી સિદ્ધરાજસિંહ ગોહિલે મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન અને ભાવનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (સર્વોત્તમ ડેરી)ના સ્થાપક ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ પનોતે બહેનોને સહકારી પ્રવૃત્તિમાં જોડાઈ સ્વાવલંબી બનવા હાકલ કરી જણાવ્યું હતું કે, સહકાર એ માત્ર આર્થિક વ્યવસ્થા નથી, પરંતુ એકબીજાના સાથ-સહયોગથી આગળ વધવાની જીવનપદ્ધતિ છે. અનેક બહેનો પોતાની શક્તિ, કુશળતા અને બચતને જોડે ત્યારે નાનકડા પ્રયત્નો પણ મોટી સફળતામાં ફેરવાય છે. બચત, નાના ઉદ્યોગ, ગૃહઉદ્યોગ અને સ્થાનિક સંસાધનોના ઉપયોગથી સ્વરોજગારીની અનેક તકો ઊભી થઈ શકે છે. કોલેજના ટ્રસ્ટી અને ભાવનગર જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર શ્રી રમેશભાઈ રાઠોડે સહકારી શિક્ષણનું મહત્વ સમજાવતાં કહ્યું કે વિદ્યાર્થીકાળમાં મેળવેલું સહકારનું શિક્ષણ માત્ર અભ્યાસ પૂરતું મર્યાદિત રહેતું નથી, પરંતુ આગળના જીવનમાં પણ દરેક તબક્કે ઉપયોગી બને છે.

ભાવનગર જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ભાવનાબેન જાડેજાએ જણાવ્યું કે, સહકારી પ્રવૃત્તિ આજે દેશની આર્થિક કરોડરજ્જુ બની છે. ખેતી, પશુપાલન, બેંકિંગ, ગ્રાહક સેવા સહિતના અનેક ક્ષેત્રોમાં સહકારી મંડળીઓ લાખો પરિવારોને આર્થિક સ્થિરતા અને વિશ્વાસ આપી રહી છે. સહકારિતા મંત્રાલય દ્વારા મહિલા મંડળીઓ અને પ્રાકૃતિક મંડળીઓના રજિસ્ટ્રેશિનની પ્રક્રિયા સરળ બનાવાઈ છે, જેથી વધુ બહેનો સરળતાથી મંડળી રચી શકે.

સંઘના માનદ મંત્રી શ્રી ગંગારામભાઈ રાજ્યગુરુએ વિદ્યાર્થિનીઓને સહકારી સિદ્ધાંતોની સમજ આપતાં જણાવ્યું કે, સ્વૈચ્છિક સભ્યપદ, લોકશાહી પદ્ધતિથી સંચાલન, સભ્યોની આર્થિક ભાગીદારી અને પરસ્પર વિશ્વાસ એ સહકારી સંસ્થાનો પાયો છે. આ સિદ્ધાંતો અનુસાર સ્વ- સહાય જૂથો રચાય તો બહેનો ઘર-પરિવારની સાથે સમાજના વિકાસમાં પણ મહત્વનું યોગદાન આપી શકે છે.

આ પ્રસંગે જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર શ્રી પ્રીતિબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા, જેમની હાજરીથી કાર્યક્રમની ગરિમા વધી હતી અને બહેનોને પ્રોત્સાહન મળ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી સ્નેહાબેન જાનીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના અધ્યાપક શ્રી અજયભાઈ પરમાર તથા સમગ્ર અધ્યાપકગણે ભારે જહેમત ઉઠાવી હતી. છ દિવસ ચાલેલા આ તાલીમ વર્ગથી યુવા બહેનોમાં સહકારી પ્રવૃત્તિ પ્રત્યે જાગૃતિ આવી હતી અને સ્વરોજગાર તથા આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધવાની નવી પ્રેરણા મળી હતી.




શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર ખાતે ચાલતા ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ કોર્સ અંગે માહિતી આપી યુવા બહેનોને આ તકોનો મહત્તમ લાભ લેવા, સ્વરોજગારી મેળવવા અને કારકિર્દી ઉજ્જવળ બનાવવા આહ્વાન કરી તેમણે ઉમેર્યું કે, આજની યુવા બહેનો શિક્ષિત અને જાગૃત છે; તેઓ સહકારી માળખા સાથે જોડાય તો આત્મનિર્ભર બનવાની સાથે અન્ય બહેનો માટે રોજગારીનું સર્જન પણ કરી શકે.

# વરાછા કો-આપરેટિવ બેંકને ત્રણ સ્કોબા પ્રાઈડ એવોર્ડ મળ્યા

સુરત : દક્ષિણ ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક એસોસિયેશન લિ.(સ્કોબા) દ્વારા મનાલી ખાતે આયોજિત સ્કોબા પ્રાઈડ એવોર્ડ સમારોહમાં વરાછા કો-ઓપરેટિવ બેંકને ટોટલ બિઝનેસ ગ્રોથ એન્ડ એક્સપાન્શન, પ્રોફિટેબિલિટી મેનેજમેન્ટ તથા પબ્લિક રિલેશન એન્ડ સોશિયલ એક્ટિવિટી એમ કુલ ત્રણ સ્કોબા પ્રાઈડ એવોર્ડ આપી શ્રેષ્ઠ બેંક તરીકે સન્માનિત કરવામાં આવી હતી. સમારોહમાં દક્ષિણ ગુજરાતના 200થી વધુ સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એનસીસીએફના... પાના નં. 1નું અનુસંધાન

વર્ષ દરમિયાન એનસીસીએફે ભાવ સહાય યોજના (Price Support Scheme) હેઠળ ફેડરેશને 10 રાજ્યોમાંથી કુલ 21.94 લાખ મેટ્રિક ટન કઠોળ અને તેલીબિયાંની રૂ. 15,403.65 કરોડની ખરીદી કરી હતી. જેનાથી 5.54 લાખ ખેડૂતોને લાભ થયો હતો. તેમાં 2,10,700 મહિલા ખેડૂતો અને અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના 56,361 ખેડૂતોનો સમાવેશ થાય છે.

એનસીસીએફે ભારત બ્રાન્ડ પહેલ હેઠળ એપ્રિલ 2025થી માર્ચ 2026 દરમિયાન ફેડરેશને 1.3 લાખ મેટ્રિક ટન ચીજવસ્તુઓનું વેચાણ કર્યું હતું. ભાવ સ્થિરીકરણ ભંડોળ (Price Stabilisation Fund) હેઠળ રવિ સિઝન 2025 દરમિયાન ખેડૂતો પાસેથી 1,42,590.93 મેટ્રિક ટન ડુંગળીની ખરીદી કરવામાં આવી હતી. આ કામગીરીથી 5,170 ખેડૂતોને સીધો લાભ થયો હતો. સહભાગી ખેડૂતોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે રૂ. 219.70 કરોડની ચૂકવણી કરવામાં આવી હતી.

સહકારી ઉત્પાદકોને ગ્રાહકો સાથે જોડતી અને પુરવઠા શૃંખલાને મજબૂત બનાવતી તેમજ સ્થાનિક ઉત્પાદનોને વધુ વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ બને તે માટે જુલાઈ 2025માં શરૂ કરવામાં આવેલી એનસીસીએફની 'જનાહ' (JANAH) રિટેલ પહેલ હેઠળ 14 શહેરોમાં 34 વેચાણ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યાં છે. આ કેન્દ્રોએ રૂ. 1.32 કરોડનું ટર્નઓવર નોંધાવ્યું હતું.

આ વેચાણ કેન્દ્રો પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs), મહિલા સંચાલિત સ્વસહાય જૂથો (SHGs), આદિવાસી સમૂહો અને પાયાના સ્તરે કાર્યરત અન્ય સાહસો પાસેથી ઉત્પાદનો મેળવે છે.

વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના (World's Largest Grain Storage Scheme) હેઠળ એનસીસીએફ પ્રોજેક્ટ મોનિટરિંગ કન્સલ્ટન્ટ તરીકે કામગીરી કરી રહ્યું છે. વર્ષ 2025–26 દરમિયાન ફેડરેશને 1,500 અનાજ સંગ્રહ ગોડાઉન સ્થાપિત કરવાનો લક્ષ્યાંક સાથે અનેક પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ માટે મંજૂરી, નાણાંકીય સહાય અને બાંધકામ સંબંધિત પ્રક્રિયાઓ આગળ વધી રહી છે.

વર્ષ 2026ને 'આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે એનસીસીએફે મહિલા સંચાલિત સ્વસહાય જૂથો અને પાયાના સ્તરે કાર્યરત મહિલા સંગઠનો સાથેના જોડાણને વધુ મજબૂત બનાવવા માટે ખરીદી પ્રક્રિયા અને સહકારી પ્રવૃત્તિઓમાં મહિલાઓની ભાગીદારી વધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મહાસંઘે 337 મહિલા ખેડૂતોને પ્રત્યેકને રૂ. 10,000નું બોનસ આપ્યું છે. 26 સપ્ટેમ્બર, 2026ના રોજ કેરળના કોલ્લમ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય પરિષદમાં કેન્દ્રીય સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે 'વનિતમ શી માર્ટ' (Vanitham She Mart) દુકાનોનું ઉદ્ઘાટન કર્યું હતું. એનસીસીએફ આ પહેલ હેઠળ 300થી વધુ દુકાનોનું સંચાલન કરશે. આ પ્રસંગે મંત્રીશ્રીએ મહિલા ખેડૂતોને બિયારણ કિટનું વિતરણ કર્યું હતું તથા બફર સ્ટોકમાંથી રૂ. 35 પ્રતિ કિલોના સબસિડાઈઝ્ડ ભાવે ડુંગળી વેચતી મોબાઈલ વાનને લીલી ઝંડી આપી હતી.

એનસીસીએફ સંસ્થાકીય વ્યાવસાયિકીકરણ અને ડિજિટલ પરિવર્તન પર પણ ભાર મૂકીને વ્યવસાયનું વિસ્તરણ કરી રહ્યું છે. આ હેતુસર અનુભવી અધિકારીઓની પ્રતિનિયુક્તિ, વ્યાવસાયિક સલાહકારોની નિમણૂક તથા 'ઈ-સમ્યુક્તિ' (e-Samyukti) પોર્ટલ, માનવ સંસાધન વ્યવસ્થાપન પ્રણાલી (HRMS) અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ફેડરેશનની 26 શાખાઓમાં ઈ-ઓફિસ (E-Office) વ્યવસ્થા પણ અમલમાં મૂકવામાં આવી છે. આ પહેલોનો હેતુ કામગીરીમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને જવાબદારી વધારવાનો છે.

ભવિષ્યની કાર્યયોજના મુજબ એનસીસીએફે ખેડૂતો પાસેથી ખરીદીનો વ્યાપ વધારવા, ભારત બ્રાન્ડ અને 'જનાહ' રિટેલ પહેલનું વિસ્તરણ કરવા, મહિલા ખેડૂતોને સશક્ત બનાવવા, સહકારી માળખાને મજબૂત કરવા અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કામગીરીને વધુ પારદર્શક તથા કાર્યક્ષમ બનાવવાનો રોડમેપ તૈયાર કર્યો છે.

એનસીસીએફની આ કામગીરી દર્શાવે છે કે સહકારી માળખા દ્વારા ખેડૂતોને બજાર સાથે જોડવા, ગ્રાહકોને આવશ્યક ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવા અને સહકારી ઉત્પાદનોના વિતરણને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપી શકાય છે. વ્યવસાયમાં થયેલી વૃદ્ધિ અને ખેડૂતો સુધી વિસ્તરેલી પહોંચ સહકારી ક્ષેત્રની બજારલક્ષી ક્ષમતા તથા રાષ્ટ્રીય અર્થતંત્રમાં તેની વધતી ભૂમિકાને ઉજાગર કરે છે.

સાવજ ડેરીની... પાના નં. 2નું અનુસંધાન

જણાવ્યું હતું કે, ખેડૂતો અને પશુપાલકોની આર્થિક તથા સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સહકારી માળખાને વધુ મજબૂત અને સશક્ત બનાવવાનો સૌએ દ્રઢ સંકલ્પ લીધો હતો. પશુપાલકોના ક્લ્યાણના ધ્યેય સાથે ગુજરાતના સહકારી ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવા આહ્વાન કરવામાં આવ્યું હતું. વાર્ષિક સાધારણ સભામાં જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, જિલ્લા સહકારી બેંકના ચેરમેનશ્રી કિરીટભાઈ પટેલ, સહકારી સંઘના ચેરમેનશ્રી ભાવેશભાઈ મેનપરા, ભાજપ મહામંત્રીશ્રી રવિભાઈ બાલાસરા, વંથલી તાલુકા સંઘના ચેરમેનશ્રી રમેશભાઈ ડાંગર, અને વંથલી માર્કેટિંગ યાર્ડના ચેરમેનશ્રી દિનેશભાઈ સુવાગીયા ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય બીજ સહકારી... પાના નં. 4નું અનુસંધાન

હેઠળ સહકાર મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલોની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

PACS અને અન્ય સહકારી સંસ્થાઓના માધ્યમથી બીજ ઉત્પાદન, પ્રક્રિયા, પ્રમાણન, બ્રાન્ડિંગ અને વિતરણની વ્યવસ્થાને ખેડૂતોની નજીક લઈ જવાનો આ મોડલનો મુખ્ય ઉદ્દેશ છે. સભ્ય સંસ્થાઓની સંખ્યા અને વ્યવસાયમાં ઝડપી વૃદ્ધિ સાથે BBSSL દેશવ્યાપી સહકારી બીજ નેટવર્ક વિકસાવવા, સ્થાનિક બીજ ઉત્પાદન વધારવા અને બીજ ક્ષેત્રમાં ખેડૂતોની ભાગીદારી મજબૂત બનાવવા પ્રયાસ કરી રહી છે.

# શ્રી ઘનશ્યામભાઈ અમીને શ્રી દિલીપભાઈ સંઘાણીને આઈ. સી. એ. ગ્લોબલ બોર્ડમાં ચૂંટાવા બદલ શુભેચ્છાઓ પાઠવી

અમદાવાદ : નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા (NCUI)ના ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય તથા ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ એચ. અમીને ઈફ્કો (IFFCO)ના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણીને ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA)ના ગ્લોબલ બોર્ડમાં ચૂંટાવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

પનામા સિટીમાં તા. 15 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાયેલી ICAની જનરલ એસેમ્બલી દરમિયાન શ્રી દિલીપભાઈ સંઘાણીની 2026–2030ના કાર્યકાળ માટે At-Large Director તરીકે ગ્લોબલ બોર્ડમાં ચૂંટાઈ આવ્યા હતા.

શ્રી ઘનશ્યામભાઈ અમીને અભિનંદન સંદેશમાં શ્રી સંઘાણીની આ વરણીને ભારતના સહકારી આંદોલન ગુજરાત માટે ગૌરવપૂર્ણ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ICAના ગ્લોબલ બોર્ડમાં શ્રી સંઘાણીની ઉપસ્થિતિથી આંતરરાષ્ટ્રીય સહકારી મંચ પર ભારતના સહકારી ક્ષેત્રનો અવાજ વધુ મજબૂત બનશે તથા ભારતીય



સહકારી ચળવળને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અને પ્રતિનિધિત્વ મળશે.

શ્રી અમીને જણાવ્યું હતું કે, "શ્રી દિલીપભાઈ સંઘાણીની આ સિદ્ધિ સમગ્ર ભારતીય સહકારી ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે. ICA જેવી વૈશ્વિક સહકારી સંસ્થાના સર્વોચ્ચ નીતિગત મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ વધુ મજબૂત થવું એ દેશના કરોડો સહકારી સભાસદો માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય છે.

શ્રી અમીને નવી આંતરરાષ્ટ્રીય જવાબદારી માટે શ્રી સંઘાણીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને વિશ્વના સહકારી આંદોલન સાથે ભારતના સહકારી ક્ષેત્રના સંબંધોને વધુ મજબૂત બનાવવામાં તેઓ મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# મહિલા સશક્તીકરણમાં સહકારની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે : શ્રી ઘનશ્યામભાઈ અમીન

અમદાવાદ : શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ લિ.ની 34મી વાર્ષિક સાધારણ સભા તા. 17 સપ્ટેમ્બર, 2026ના રોજ ચંદા નિવાસ, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય સહકારી આગેવાન તથા ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ એચ. અમીનના ઉદ્ઘાટક સ્થાને અને સેવા ફેડરેશનના અધ્યક્ષ શ્રીમતી મિરાંઈ ચેટરજીના પ્રમુખ સ્થાને યોજાઈ હતી.



ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘની 34મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

દીપપ્રાગટ્ય કરી સભાનું ઉદ્ઘાટન કરતાં શ્રી ઘનશ્યામભાઈ અમીને સ્વ. શ્રીમતી ઈલાબહેન ભટ્ટ અને SEWA દ્વારા કરવામાં આવેલા મહિલા સશક્તીકરણના કાર્યને યાદ કરતાં જણાવ્યું હતું કે, મહિલાઓને સંગઠિત કરી તેમની માલિકીની સહકારી સંસ્થાઓ ઊભી કરવાનું કાર્ય મહિલા આત્મનિર્ભરતા માટે અસરકારક મોડેલ બન્યું છે. SEWA સાથે વિવિધ ક્ષેત્રોમાં 100થી વધુ સહકારી સંસ્થાઓ કાર્યરત છે, જે મહિલાઓને રોજગાર, આવક, નાણાકીય સેવાઓ, વીમા, સામાજિક સુરક્ષા અને તાલીમની તકો પૂરી પાડે છે.

સહકારી ક્ષેત્રના મહત્વને સમજાવી સહકારના વ્યાપ અંગે તેમણે જણાવ્યું હતું કે ભારતમાં 8.5 લાખથી વધુ સહકારી સંસ્થાઓ, આશરે 6.6 લાખ કાર્યરત સંસ્થાઓ અને લગભગ 32 કરોડ સભ્યો છે. સહકારી પ્રવૃત્તિ આશરે 30 ક્ષેત્રો સુધી વિસ્તરી છે અને દેશના લગભગ 98 ટકા ગ્રામીણ વિસ્તારો સુધી તેની પહોંચ છે. "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન હેઠળ સહકાર મંત્રાલય દ્વારા સહકારી ક્ષેત્રના આધુનિકીકરણ, સુશાસન અને પારદર્શિતા માટે અનેક સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે.

રાષ્ટ્રિય ક્ષેત્રે મહિલા ભાગીદારી વધારવા અંગે થયેલ સુધારા અંગે માહિતી આપતાં શ્રી અમીને જણાવ્યું હતું કે મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટમાં સુધારા તથા PACSના બોર્ડમાં મહિલા પ્રતિનિધિત્વ વધારવાના પગલાંથી સહકારી ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકા વધુ મજબૂત બની છે. સહકારી ક્ષેત્રે સફળ મહિલાઓની સિદ્ધિઓને બિરદાવતા શ્રી અમીને જણાવ્યું હતું કે "આગામી સમયમાં સહકારને વધુ પારદર્શક, ટેક્નોલોજી આધારિત, વ્યવસાયિક અને વૈશ્વિક સ્પર્ધા માટે સક્ષમ બનાવવો પડશે. મહિલાઓને માત્ર સભ્ય નહીં, પરંતુ સંચાલક, ઉદ્યોગસાહસિક અને નેતા તરીકે આગળ આવવું પડશે."

સભાના અધ્યક્ષ શ્રીમતી મિરાંઈ ચેટરજીએ ફેડરેશનની વિવિધ સહકારી મંડળીઓની કામગીરી અને સિદ્ધિઓનો ઉલ્લેખ કરી મહિલાઓની ક્ષમતા, પ્રતિભા અને નેતૃત્વશક્તિમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સંઘના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી જિગીષાબહેન મહેતાએ એજન્ડા મુજબ કામગીરી હાથ ધરી હતી. વિવિધ હિસાબો, અહેવાલો અને ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા, જેને સભાસદોએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા.

## સહકારી ઉત્પાદકોથી ગ્રાહકો સુધી

# ONDCના માધ્યમથી સહકારી ઉત્પાદનોને વ્યાપક ડિજિટલ બજાર ઉપલબ્ધ કરાવવાની દિશામાં સહકાર મંત્રાલયની પહેલ

નવી દિલ્હી: સહકારી સંસ્થાઓનાં ઉત્પાદનોને દેશભરના ગ્રાહકો સુધી પહોંચાડવા અને સહકારી ક્ષેત્રને ડિજિટલ વાણિજ્ય સાથે જોડવા માટે કેન્દ્રીય સહકાર મંત્રાલય દ્વારા ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC)ના સહયોગથી સહકારી સંસ્થાઓ માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ વિકસાવવાની દરખાસ્ત અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સહકારી ક્ષેત્રમાં ઉત્પાદન ક્ષમતા અને ગ્રામ્ય સ્તરે મજબૂત સંગઠનાત્મક માળખું હોવા છતાં અનેક સંસ્થાઓને દેશવ્યાપી સંગઠિત બજાર સુધી પહોંચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં પ્રસ્તાવિત ડિજિટલ પ્લેટફોર્મ સહકારી સંસ્થાઓ માટે બજાર વિસ્તરણની નવી તકો ઊભી કરી શકે છે. આ સંદર્ભે 6 ઑક્ટોબર, 2026ના રોજ નવી દિલ્હીના અટલ અક્ષય ઊર્જા ભવન ખાતે કેન્દ્રીય સહકાર મંત્રાલયના સચિવ ડૉ. આશિષ ભુટાણીએ ONDCના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સહકારી ઉત્પાદકોને સીધા ગ્રાહકો સાથે જોડવા માટે સક્ષમ ડિજિટલ વ્યવસ્થા ઊભી કરવી, બજાર સુધી પહોંચ વધારવી, મૂલ્યવર્ધિત ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવવી, ડિજિટલ ચુકવણીની સુવિધાઓ વિકસાવવી તથા પરિવહન, સંગ્રહ અને ટેક્નોલોજી આધારિત સેવાઓનું સંકલન કરવું જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર સંયુક્ત સચિવ શ્રી રમણ કુમાર, મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ તથા વિવિધ અગ્રણી સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તાપિત ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી ડેરી ઉત્પાદનો, કૃષિ પેદાશો, પ્રોસેસ્ડ ફૂડ, હાથવણાટ, હસ્તકલા, જૈવિક ઉત્પાદનો અને અન્ય સહકારી ઉત્પાદનોને સ્થાનિક બજારો, પ્રદર્શનો તથા પરંપરાગત વિતરણ વ્યવસ્થાથી આગળ વધારીને દેશભરના ગ્રાહકો સુધી પહોંચાડવામાં આ પહેલ ઉપયોગી બની શકે છે.

કારણકે, ONDCનું ઓપન નેટવર્ક મોડલ વેચાણકર્તાઓને એક જ ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર નિર્ભર રહેવાને બદલે વિવિધ ખરીદદાર એપ્લિકેશનો મારફતે ગ્રાહકો સુધી પહોંચવાની તક આપે છે. આ વ્યવસ્થા હેઠળ ડિજિટલ કેટલોગ તૈયાર કરવો, ઉત્પાદનોને ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા, પરિવહન અને લોજિસ્ટિક્સ સેવાઓ સાથે જોડાણ સ્થાપિત કરવું તથા વેચાણકર્તાઓને નેટવર્ક સાથે જોડવામાં સહાય પૂરી પાડવા જેવી સુવિધાઓનો લાભ મળી શકે છે.



સહકારી ઉત્પાદનોના રાષ્ટ્રીય બજાર સુધી વિસ્તરણ માટે ONDC સાથે ડિજિટલ વાણિજ્ય પ્લેટફોર્મ વિકસાવવાની સંભાવનાઓ અંગે ચર્ચા

સહકારી સંસ્થાઓ માટે આ વ્યવસ્થા ઉત્પાદનની ઓનલાઈન દશ્યતા વધારવા, નવા ગ્રાહકો સુધી પહોંચવા અને વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ બની શકે છે. નાના ઉત્પાદકો માટે ઓનલાઈન બજારમાં પ્રવેશ, ગ્રાહકો સુધી પહોંચવાનો ખર્ચ અને મર્યાદિત બજાર

અનુસંધાન પાના નંબર : 2

# ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL)ની આવક ચાર ગણી વધીને રૂ. 222 કરોડે પહોંચી

## વાર્ષિક સામાન્ય સભામાં કામગીરીની સમીક્ષા કરી; સહકારી બીજ ઉત્પાદનના રાષ્ટ્રીય નેટવર્કના વિસ્તરણ પર ભાર મૂકવામાં આવ્યો

નવીદિલ્હી : ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (Bharatiya Beej Sahakari Samiti Limited – BBSSL)ની ચોથી વાર્ષિક સામાન્ય સભા 29 સપ્ટેમ્બર, 2026ના રોજ નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ સભામાં આશરે 250 સહકારી પ્રતિનિધિઓ પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે 11,827 પ્રતિનિધિઓએ વર્ચ્યુઅલ માધ્યમથી ભાગ લીધો હતો. વાર્ષિક સામાન્ય સભામાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન સંસ્થાની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને ભવિષ્યની વિસ્તરણ યોજનાઓ અંગે ચર્ચા થઈ હતી. સામાન્ય સભાએ સંસ્થાની વિવિધ પહેલોને સર્વાનુમતે સમર્થન આપ્યું હતું.



BBSSLની સ્થાપના બાદ તેની નાણાકીય કામગીરીમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. વર્ષ 2024–25માં આશરે રૂ. 59.25 કરોડની આવક નોંધાવનાર આ સંસ્થાની આવક વર્ષ 2025–26માં વધીને લગભગ રૂ. 222 કરોડ થઈ હતી. વર્ષ 2024–25 માટે સરકારે રૂ. 28 લાખનો નફો નોંધાવ્યો હતો. સહકારી બીજ બજારમાં સંસ્થાના વિસ્તરતા વ્યાપને આ વૃદ્ધિ સાથે જોડવામાં આવે છે. જુલાઈ 2026 સુધીમાં 37,972 પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) સહિત કુલ 38,665 સહકારી સંસ્થાઓ BBSSLના સભ્ય તરીકે જોડાઈ હતી. 'ભારત બીજ' બ્રાન્ડના પ્રચાર માટે 33 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ નોડલ એજન્સીઓ નિયુક્ત કરી હતી, જ્યારે 26 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સમજૂતી કરારો (MoUs) થયા હતા.

BBSSLની સ્થાપના જાન્યુઆરી 2023માં બહુ-રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, 2002 હેઠળ કરવામાં આવી હતી. ઈફ્કો (IFFCO), કૃભકો (KRIBHCO), નાફેડ (NAFED), રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) અને રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) એ મળીને આ સંસ્થાને પ્રોત્સાહન આપ્યું હતું. શરૂઆતમાં દરેક પ્રોત્સાહક સંસ્થાએ રૂ. 50 કરોડનું યોગદાન આપ્યું હતું. સંસ્થાની અધિકૃત મૂડી રૂ. 500 કરોડ છે, જ્યારે ભરપાઈ થયેલી મૂડી રૂ. 250 કરોડ હતી. કૃભકો આ સંસ્થાની મુખ્ય પ્રોત્સાહક સંસ્થા છે.

BBSSLએ 'ભારત બીજ' બ્રાન્ડ હેઠળ 28 પાકની 208 જાતનાં બીજ રજૂ કર્યાં છે. વર્ષ 2025–26 દરમિયાન સંલગ્ન બીજ ઉત્પાદક ખેડૂતોના સહયોગથી 75,535 મેટ્રિક ટન બીજનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, પરંપરાગત દેશી બીજની જાતોનું સંરક્ષણ, ગુણાકાર અને દસ્તાવેજીકરણ કરવા માટે પણ સંસ્થા કામગીરી કરી રહી છે. ઉત્તરાખંડમાં આ સંબંધિત કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે. વાર્ષિક સામાન્ય સભામાં સહકારી માધ્યમથી બીજ સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવાની સંસ્થાની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી હતી. 'સહકારથી સમૃદ્ધિ'ના રાષ્ટ્રીય વિઝન

અનુસંધાન પાના નંબર : 3

# નાફેડનું ટર્નઓવર રૂ. 29,885 કરોડે પહોંચ્યું, સભાસદ સંસ્થાઓને 15 ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત

નવી દિલ્હી : ભારત મંડપમ ખાતે 26 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાયેલી નાફેડની 69મી વાર્ષિક સામાન્ય સભામાં યોજવામાં આવી હતી. નેશનલ એગ્રિકલ્ચર કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિ. (NAFED) એ વર્ષ 2025–26માં રૂ. 29,884.72 કરોડનું ટર્નઓવર અને રૂ. 423.14 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નાફેડની 69મી વાર્ષિક સામાન્ય સભામાં સભાસદ સહકારી સંસ્થાઓને 15 ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ વાર્ષિક સામાન્ય સભામાં દેશભરની સભાસદ સહકારી સંસ્થાઓ અને રાજ્ય સહકારી ફેડરેશનોનું પ્રતિનિધિત્વ કરતા 700થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

નાફેડના અધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહિરે જણાવ્યું હતું કે, નાફેડ પીએમ-આશા યોજના હેઠળ ખેડૂતોને તેમની પેદાશોના વાજબી ભાવ અપાવવા અને કૃષિ ચીજવસ્તુઓના ભાવમાં સ્થિરતા જાળવવા કામગીરી કરી રહ્યો છે. છૂટક વેચાણનો વિસ્તાર કરવા PACS, સહકારી સંસ્થાઓ અને ખેડૂત ઉત્પાદક સંગઠનોના માધ્યમથી વધુ 50 સ્ટોર સ્થાપવાની યોજના છે.





રૂ. 423 કરોડનો ચોખ્ખો નફો; 500 મત્સ્ય સહકારી મંડળીઓનું પુનઃસંચાલન અને 1,274 ખેડૂત ઉત્પાદક સંગઠનોને સહાય

મત્સ્ય ક્ષેત્રમાં નાફેડે 500 મત્સ્ય સહકારી મંડળીઓના પુનઃસંચાલન અને 50 મત્સ્ય ખેડૂત ઉત્પાદક સંગઠનોની રચનામાં સહયોગ આપ્યો છે, જેનાથી 50,000થી વધુ ખેડૂતોને લાભ થયો છે. ઉપરાંત, કેન્દ્ર સરકારની યોજના હેઠળ 1,274 ખેડૂત ઉત્પાદક સંગઠનોને માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

નાફેડ પોતાના ઉત્પાદનોનું આંતરરાષ્ટ્રીય બજારમાં વિસ્તરણ કરવા સાથે ભારતીય રેલવે અને અન્ય સંસ્થાકીય બજારોમાં વેચાણ વધારવા પ્રયત્નશીલ છે. નાફેડની કામગીરીમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારવા ઈ-સમૃદ્ધિ, ERP, NAFEX.in અને દૃષ્ટિ જેવા ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ખેડૂતોનાં બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવા કલ્યાણ શિષ્યવૃત્તિ યોજના હેઠળ પ્રતિ વિદ્યાર્થી વધુમાં વધુ રૂ. 1 લાખની સહાય આપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. નાફેડની આ કામગીરી ખેડૂતોને બજાર સાથે જોડવા, સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવા, કૃષિ પેદાશોના વેચાણનો વ્યાપ વધારવા અને ડિજિટલ ટેક્નોલોજી દ્વારા સહકારી ક્ષેત્રની કાર્યક્ષમતા સુધારવાની દિશામાં મહત્ત્વપૂર્ણ છે.

# 'ભારતી AI'થી ખેડૂતોને એક ફોન કોલ પર ખેતીલક્ષી માર્ગદર્શન

નવી હિલ્હી : કેન્દ્રીય સહકાર મંત્રાલયે સરકારના 'ભારત-વિસ્તાર' (Bharat-VISTAAR) પ્લેટફોર્મ હેઠળ ઉપલબ્ધ અવાજ આધારિત કૃષિ સહાયક 'ભારતી AI' અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે ખેડૂતો હવે માત્ર 155261 નંબર પર ફોન કરીને ખેતીને લગતી વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે માર્ગદર્શન મેળવી શકે છે.

ભારત-વિસ્તારનું પૂરું નામ 'Virtually Integrated System to Access Agricultural Resources' છે. આ પ્લેટફોર્મનો પ્રારંભ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે 17 ફેબ્રુઆરી, 2026ના રોજ જયપુર ખાતે કર્યો હતો.

કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) આધારિત આ પ્લેટફોર્મ ખેડૂતોને પાક વ્યવસ્થાપન, હવામાન, કૃષિ પેદાશોના મંડીભાવ, જીવાતો અને રોગો, જમીનનું સ્વાસ્થ્ય તથા સરકારી યોજનાઓ અંગે માહિતી આપવા માટે વિકસાવવામાં આવ્યું છે.

'ભારતી AI'ની વિશેષતા એ છે કે ખેડૂતોને તેનો લાભ લેવા માટે સ્માર્ટફોન કે ઈન્ટરનેટ કનેક્શન હોવું જરૂરી નથી.





સામાન્ય મોબાઈલ ફોનથી પણ નિર્ધારિત નંબર પર કોલ કરીને કૃષિલક્ષી માર્ગદર્શન મેળવી શકાય છે. શરૂઆતમાં આ સેવા હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવી હતી. હવે વધુ ભારતીય ભાષાઓમાં તેનો વિસ્તાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેથી વિવિધ ભાષાકીય પ્રદેશોના ખેડૂતો પોતાની અનુકૂળ ભાષામાં માહિતી મેળવી શકે.

આ પહેલને કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા ખેડૂતોને સશક્ત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ગણવામાં આવે છે. અવાજ આધારિત કૃત્રિમ બુદ્ધિમત્તાની મદદથી ખેડૂતો સુધી સમયસર માહિતી પહોંચાડવી, ડિજિટલ સેવાઓની પહોંચ વધારવી અને ખેતી સંબંધિત નિર્ણય લેવામાં સહાય કરવી એ તેનો મુખ્ય ઉદ્દેશ છે. જો આ સુવિધાનો વ્યાપ અસરકારક રીતે વધારવામાં આવે, તો ખાસ કરીને ડિજિટલ સાધનોની મર્યાદિત પહોંચ ધરાવતા ગ્રામ્ય ખેડૂતોને ખેતીલક્ષી માહિતી મેળવવામાં સરળતા થઈ શકે છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-10-2026